ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/ ૦૨
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા- ૦૨/૦૨/૨૦૨૪

// પરિપત્ર //

વિષય: નિગમ દ્વારા ફાળવવામાં આવેલ ઔધોગિક મિલકતોમાં બાંધકામના નકશા મંજુર કરાવી બાંધકામ શરૂ/પૂર્ણ કરવામાં આવેલ હોય પરંતુ વપરાશ શરૂ કરેલ ન હોય તેવા ફાળવણીદારોને તારીખ:૩૧/૦૩/૨૦૨૪ સુધી વપરાશની સમયમર્યાદામાં વધારો કરી આપવા બાબત

સંદર્ભ :- ૧. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/ પોલિસી/૦૧૬, તા.૧૯/૦૬/૨૦૨૦

૨. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/ પોલિસી/૦૧૩, તા.૧૯/૦૬/૨૦૨૦

૩. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/ પોલિસી/૦૨૯, તા.૦૮/૧૦/૨૦૨૦

૪. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/ પોલિસી/૩૪, તા.૨૩/૧૦/૨૦૨૦

૫. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/ પોલિસી/૨૮, તા.૨૭/૦૮/૨૦૨૧

૬. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/ પોલિસી/૭, તા. ૦૫/૦૮/૨૦૨૩

નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહતમાં ઔદ્યોગિક પ્રકારની મિલ્કતોમાં તારીખ:૩૧/૦૩/૨૦૨૩ સુધીની વપરાશની સમયમર્યાદા મેળવી, બાંધકામના નકશા મંજુર કરાવી બાંધકામ શરૂ/પૂર્ણ કરવામાં આવેલ હોય અને નિગમની નીતિ મુજબ એકમ દ્વારા વપરાશ શરૂ કરેલ ન હોય તેવા ફાળવણીદારોને તારીખ:૩૧/૦૩/૨૦૨૪ સુધીની વપરાશની સમયમર્યાદામાં વધારો કરી આપવા અંગે તા.૦૫/૦૮/૨૦૨૩ના પરિપત્રથી નીતિ અમલમાં મુકવામાં આવેલ હતી. આ નીતિ અંતર્ગત જે ફાળવણીદારો દ્વારા તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીની વપરાશની સમયમર્યાદા મેળવવામાં આવેલ તેવા ફાળવણીદારોને જ વપરાશની સમયમર્યાદા તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી વધારી આપવાની જોગવાઇ કરવામાં આવેલ હતી જેમાં તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીની વપરાશની સમયમર્યાદા વધારી આપવાની નીતિનો લાભ લીધેલ છે અથવા લાભ લીધેલ ન હોય પરંતુ બાંધકામના નકશા મંજુરી કરાવી બાંધકામ શરૂ/પૂર્ણ કરવામાં આવેલ હોય, પરંતુ વપરાશ શરૂ કરેલ ન હોય તેવા તમામ ફાળવણીદારોને તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી વપરાશની સમયમર્યાદામાં વધારો કરી આપવા બાબતે

નિગમની ૫૧૯મી સભાના ઠરાવ ક્રમાંક:૯૪/પો.વિતરણ/૫૧૯, તા.૨૧/૧૨/૨૦૨૩થી પસાર કરવામાં આવેલ છે, જે અન્વયે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

જે ફાળવણીદારો દ્વારા બાંધકામના નકશા મંજુર કરાવી બાંધકામ શરૂ કરેલ હોય/પૂર્ણ કરવામાં આવેલ હોય, પરંતુ નિગમની નીતિ નિયમ મુજબ વપરાશ શરૂ કરેલ ન હોય તેવા તમામ ફાળવણીદારો એટલે કે તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીની વપરાશની સમયમર્યાદા વધારી આપવાની નીતિનો લાભ લીધેલ હોય અથવા લાભ લીધેલ ન હોય તેવા તમામ ફાળવણીદારોને તા.૦૫/૦૮/૨૦૨૩ના પરિપત્રની અન્ય તમામ જોગવાઇઓ યથાવત રાખી તથા સદર પરિપત્ર જારી થયાના ૩૦ દિવસની અંદર અરજી કરવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના</u> :

૧. જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ...... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ નિગમના રેકર્ડમાં નોંધાયેલ વર્તમાન ફાળવણીદારોના રજીસ્ટર ઇ-મેઇલ મારફતે પરિપત્રની જાણ થવા તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)